## ૧૧.૮ પ્રભુ મહાવીરનો ગણધરવાદ એક ચિંતન

ચરમ તીર્થપતિ ભગવાન મહાવીર સ્વામીના અનુયાયીઓ પ્રભુવીરના ઉપદેશ, સંદેશ કે આદેશને માનનારો, સ્વીકારનારો બહુ મોટો વર્ગ લાખોની સંખ્યામાં રહેલો છે. જગતના જીવમાત્રના કલ્યાણ માટે કેવળ જ્ઞાનના પ્રકાશમાં જે સત્ય જણાયું તે જ જણાવ્યું છે. જે દૃષ્ટિ, જ્ઞાન અને આચારની વિભાવનામાં આત્મ હિતકર અનેકાંત સભર નય-નિક્ષેપ-પ્રમાણથી યુક્ત જ બોલ્યા છે. જે તેઓની પ્રત્યેક ઘટનામાં પ્રગટ થાય છે તે પહેલં પૂર્વ વિગતો જાણી લઈએ.

આજથી ૨૬૦૯ વર્ષો પહેલાં ભગવાન મહાવીર સ્વામીનો આત્મા દેવલોકમાંથી અષાઢ સુદ-૬ના દિવસે માતાની કુક્ષીમાં અવતર્યો, તે ચ્યવન કલ્યાણક કહેવાયું, તેના પછી ચૈત્ર સુદ-૧૩ દિવસે નવ માસ અને સાત દિવસ થયા પછી તેમનો જન્મ થયો. તે જન્મ કલ્યાણક કહેવાયું, તે આજે બધા સ્થાનોમાં ઉજવાય છે. તેનો ઉત્સાહ ખૂબ હોય છે. તેના પછી ૩૦ વર્ષની ઉંમરમાં માગસર વદ-૧૦ના દિવસે યુવા અવસ્થામાં પ્રભુ મહાવીરે દીક્ષા લીધી. તે દીક્ષા કલ્યાણક કહેવાયું. ૧૨૧/૨ વર્ષ સુધી ઘોર સાધના કરતાં ઘણા કષ્ટો, ઉપસર્ગો અને પરિષહોને સમતાપૂર્વક સહન કરતાં કરતાં પ્રભુ સાધનાની પરાકાષ્ટાએ પહોંચીને જૃંભિકા ગામની બહાર ઋજુવાલિકા નદીના કાંઠે આવ્યા.

આજથી ૨૫૬૦ વર્ષ પૂર્વે વૈશાખ સુદ-૧૦ના દિવસે બપોરના ચોથા પ્રહરમાં (લગભગ ૪ કલાકે) નદીની ધૂળ એકદમ ગરમ થયેલી હતી. ઉપર સૂર્યની ભયંકર ગરમી હતી, પગની નીચેની જમીન પણ ભગવાનના શરીરને તપાવતી હતી. ભગવાનને બે દિવસથી ચોવિહારા ઉપવાસ હતા. તે સમયે ભગવાન ઋજુવાલિકા નદીના કાંઠે વૈયાવૃત્ય ચૈત્યની પાસે શ્યામક નામના ગાથાપતિના ખેતરમાં ઉત્તરા ફાલ્ગુન નક્ષત્રમાં શાલવૃક્ષની નીચે ગોદોહીકા આસનમાં (ગાયને દોહવા બેસે, એવી મુદ્રામાં) ભયંકર ગર્મીને સહન કરતાં કરતાં શુકલ ધ્યાનમાં લીન હતા, ત્યારે ચોથા પ્રહરમાં ભગવાનને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આ કેવલજ્ઞાન કલ્યાણક કહેવાયું. ત્યાર પછી સમવસરણની રચના થઈ. પ્રભુએ તીર્થને નમસ્કાર કરી ત્યાં બિરાજમાન થઈ ૪૮ મિનિટ સુધીધર્મ દેશના આપી. ત્યાં માણસો પણ હતા, છતાં કોઈએ દીક્ષા ન લીધી, તેથી ભગવાનની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ. ભગવાન મહાવીર પોતાના જ્ઞાનમાં જાણતા હતા કે મારી પ્રથમ

દેશના નિષ્ફળ જશે, છતાં પણ દેશના આપવાનું કારણ એ છે કે કેવલજ્ઞાન થયા પછી તીર્થંકર ભગવાનને ૪૮ મિનિટ સુધી દેશના આપવાનો આચાર છે. દેશના નિષ્ફળ થયા બાદ વૈશાખ સુદ-૧૦ની સાંજે જ ભગવાન મહાવીરે પાવાપુરી તરફ ૧૨ યોજન એટલે ૧૫૩ કિ.મી.નો ઉગ્ર વિહાર કર્યો. પ્રભુશાસનની સ્થાપના માટે ભયંકર કષ્ટ સહન કરીને ૧૫૩ કિ.મી.નો વિહાર કરી પાવાપુરી પહોંચ્યા. અને પાવાપુરીની નજીકમાં જ રહેલા મહાસેન વનમાં આવ્યા.

ઈન્દ્રભૂતિ ગૌતમ આદિનું આગમન ઃ

પાવાપુરીની બહાર વૈશાખ સુદ-૧૧ના દિવસે દેવોએ ફરીથી સમવસરણની રચના કરી. ત્યાં ભગવાનની ધર્મદેશના સાંભળવા હજારો લોકો અને દેવ-દેવીઓ જઈ રહ્યા હતા. તે વખતે પાવાપુરીમાં સોમિલ બ્રાહ્મણોએ મહાયજ્ઞનું આયોજન કર્યું હતું. તેમાં ગોબર ગામના નિવાસી ઈન્દ્રભુતિ વગેરે ૧૧ મુખ્ય ક્રિયાકાંડી બ્રાહ્મણ પંડિતોને આમંત્રણ આપ્યું હતું. એક બાજુ કેટલાય લોકો યજ્ઞમાં જઈ રહ્યા હતા. તો બીજી બાજુ કેટલા લોકો અને દેવ-દેવીઓ ભગવાન મહાવીરના સમવસરણ બાજુ જઈ રહ્યા હતા. દેવ-વિમાનથી આખું આકાશ ઘેરાયેલું હતું. ઈન્દ્રભૂતિ ગૌતમ મનમાં વિચારતા હતા કે દેવો યજ્ઞમંડપમાં આવશે, પણ જયારે તેઓ યજ્ઞ મંડપ છોડી સમવસરણ તરફ જવા માંડ્યા, ત્યારે મારાથી પણ વધારે જ્ઞાની સર્વજ્ઞ આવ્યા છે. એવું બીજા પાસેથી જાણી આશ્ચર્ય અને અભિમાનથી વિચાર કરવા લાગ્યા કે મારાથી બીનો કોઈ સર્વજ્ઞ હોઈ શકે જ નહિ, હું હમણાં તેને હરાવી દઉં. તે પોતાના ૫૦૦ શિષ્યો સામે સમવસરણ તરફ જવા ઉપડ્યા. ત્યાં સમવસરણનીશોભા અને દેવોનો સમૂહ તથા પ્રશાંત અને આધ્યાત્મિક વૈભવ જોઈ ઈન્દ્રભૂતિ ગૌતમને આશ્ચર્ય થવા લાગ્યું અને મનમાં થયું કે મારા મનની શંકાનું નિવારણ કરે, તો હું મારું જીવન તેમના ચરણે સર્મિપત કરી દઉં, એટલામાં પ્રભુએ ગંભીર સ્વરમાં તેમનું નામ લઈને ‘આત્મા છે કે નથી’ એ સંશયાત્મક પ્રશ્નનો સવિસ્તારથી ખુલાસો કર્યો ત્યારે ૫૦ વર્ષની, ઉંમરના ઈન્દ્રભૂતિ ગૌતમે પોતાના ૫૦૦ શિષ્યો સાથે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી.

(૨) ગોબર ગામના ૪૬ વર્ષની ઉંમરના તેમના ભાઈ પંડિત અગ્નિભૂતિને ‘કર્મ’ની શંકાનું સમાધાન કર્યું.

(૩) ૪૨ વર્ષની ઉંમરના તેમના ભાઈ પંડિત વાયુભૂતિને 'શરીર અને આત્મા'ના ભેદની શંકાનો ખુલાસો કર્યો.

(૪) કોલ્લાગ સન્નિવેશના નિવાસી ભારદ્વાજ ગોત્રવાળા ૫૦ વર્ષના વ્યક્ત નામના બ્રાહ્મણને 'પંચભૂત'નો ખુલાસો થવાની.

(૫) કોલ્લાગ સન્નિવેશના અગ્નિવૈશ્યાયન ગૌત્રવાળા ૫૦ વર્ષના સુધર્માસ્વામીને 'જે જેવો હોય તેવો જ થાય' તેનો ખુલાસો થવાથી.

(૬) મૌર્ય સંન્નિવેશના વસિષ્ટ ગોત્રવાળા ૪૩ વર્ષની ઉંમરના મંડલિકને 'બંધ અને મોક્ષ'નો ખુલાસો થવાથી.

(૭) મૌર્ય સંન્નિવેશના ૬૫ વર્ષના કાશ્યપ ગોત્રવાળા મૌર્યપુત્રને 'દેવ'નો ખુલાસો થવાથી.

(૮) કૌશલ નિવાસી ૪૬ વર્ષના હારિત્ર ગોત્રવાળા અચલભ્રાતાને 'પુણ્ય-પાપ'નો ખુલાસો થવાથી.

(૯) તુંગિત સન્નિવેશના ૩૬ વર્ષના કોડિન્ય ગોત્રવાળા મેતાર્યને 'પરલોક'નો ખુલાસો થવાથી.

(૧૦) રાજગૃહીનાં ૧૬ વર્ષના કોડિન્ય ગોત્રવાળા 'પ્રભાસ'ને 'મોક્ષનો' ખુલાસો થવાથી ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી.

તે જ સમયે પહેલાં પાંચ પંડિતોના ૫૦૦-૫૦૦ શિષ્યો, તે પછીના બે પંડિતોના ૩૫૦-૩૫૦ શિષ્યો અને છેલ્લા ૪ પંડિતોના ૩૦૦-૩૦૦ શિષ્યોએ ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી, તે રીતે એક દિવસમાં ૪૪૦૦ સાધુ બન્યા.

ચર્તુિવધ સંઘની સ્થાપના ઃ

દીક્ષિત થયેલા ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામી વગેરે પુરુષોના શ્રમણ સંઘમાં સમ્મિલિત કરવામાં આવ્યા. શાસન અર્થાત દ્વાદશાંગી, જેમાં સર્વ ઉત્સર્ગ અપવાદના નિયમ હોય, તે શાસન નિરાધાર ન રહે. તેથી તેના સંચાલન માટે ઈન્દ્રભૂતિ ગૌતમાદિને દીક્ષા આપી સાધુ-સાધ્વીઓને સર્વપ્રથમ સંઘમાં પ્રવેશ આપ્યો.

હવે જે માણસો સાધુ-સાધ્વીના કઠોર સંયમમાર્ગને જીવનમાં જીવવાનું માનવા છતાં કર્મના ઉદયે તે માર્ગનું પાલન કરવામાં અસમર્થ હતા, તે શંખ શતક વગેરે પુરુષોને શ્રાવક સંઘમાં અને સુલસા રેવતી આદિ સ્ત્રીઓને શ્રાવિકા સંઘમાં પ્રવેશ આપ્યો.

આ પ્રમાણે વૈશાખ સુદ-૧૧ના દિવસે ચર્તુિવધ સંધની સ્થાપના થઈ. તેને તિર્થ સ્થાપના-શાસન સ્થાપના પણ કહેવાય છે. કારણ કે ચર્તુિવઘ સંઘ એ તીર્થ છે. તેથી કેવલજ્ઞાની અરિહંત ભગવાન સ્વયં તીર્થંકરો પણ 'નમો તિત્થસ્સ' કહીને સમવસરણમાં બેસે છે. કેટલું મહત્વ છે તીર્થનું ?

દીક્ષા લીધા પછી ઈન્દ્રભૂતિ ગૌતમ આદિએ ભગવાન મહાવીર સ્વામીને ત્રણ પ્રશ્ન ક્રમસર પૂછ્યા કે ભગવાન ! તત્વ શું છે ? ભગવાને જવાબ આપ્યો કે (૧) ઉપન્નેઈ વા, (૨) વિગમેઈવા, (૩) ધુવેઈવા, એટલે કે બધા પદાર્થો ઉત્પન્ન થાય છે, નાશ થાય છે અને સ્થિર રહે છે. આ ત્રિપદીના આધારે જ્ઞાનાવરણનો અજબગજબનો ક્ષયોપશયમ થવાથી ૧૧ મુનિવરોએ દ્વાદશાંગીની રચના કરી. તેમાં ભગવાન મહાવીરના તત્વવિધાન, સંવિધાન અને કાયદા કાનૂન સંબંધ કરવામાં આવેલ તે દ્વાદશાંગીને પણ તીર્થશાસન કહેવામાં આવે છે. શિષ્યતેડનેનેતિ શાસનમ્ જેનાથી ભવ્યજીવોનું શાસન કરવામાં આવે, તે દ્વાદશી પણ શાસન છે.

ત્યારબાદ કોલાહલ શાંત કરીને ઈન્દ્રે સુગંધિત વાસક્ષેપથી ભરેલા રત્નથાળ હાથમાં લીધો. અગિયાર મુનિવરો ક્રમાનુસારે ભગવાન મહાવીરની અનુજ્ઞા મેળવવા મસ્તક નમાવીને ઉભા રહ્યા. ભગવાન મહાવીર ઉભા થઈને રત્નથાળમાંથી વાસક્ષેપ લઈ તેમના મસ્તક પર નાંખતા દ્રવ્ય ગુણ પર્યાયથી તમને તીર્થ એટલે દ્વાદશાંગીની અનુમતિ આપું છું.

આ પ્રમાણે શાસન સ્થાપના અતિ ઉત્સાહ અને આનંદપૂર્વક થઈ. મનુષ્યો અને દેવોએ સુગંધિત વાસચૂર્ણ અને પુષ્પની વૃષ્ટિ કરી. કેવલજ્ઞાની ભગવાન મહાવીર દ્વારા આ પ્રમાણે પ્રમાણિત કરવાથી બધા આનંદવિભોર થઈ ગયા. ક્રમસર ૧૧ ગણધરો (શ્રમણપ્રધાન)ની સ્થાપના કરી પાંચમા ગણધર સુધર્મા સ્વામીને શાસનની ધૂરા સોંપી, કારણ કે એમનું આયુષ્ય દીર્ઘ હતું. સાધ્વીજી ચંદનબાળાને શ્રમણીપ્રધાન પદે સ્થાપિત કર્યા.

આ પ્રમાણે વૈશાખ સુદ-૧૧ના મંગળ દિવસે પૂર્વાહણમાં મહાકલ્યાણકારી સમતારસમય, સ્વાદ્વાદમય, અપરિગ્રહમય, મહાવીર શાસનની સ્થાપના થઈ, તે જ આ સુધી ચાલી આવે છે. ભગવાન કેવલજ્ઞાની થયા પછી જ આ શાસનની સ્થાપના કરી છે. તેથી તેમાં કોઈ જ સંદેહ રહેતો નથી. ડો. આંબેડકર સમિતિએ ભારતની ગણતંત્ર (૨૬ જાન્યુઆરી) ૧૯૫૦ના દિવસે જાહેર કર્યું, તે પછી તો સેંકડો ફેરબદલ આવી ગયા અને હજી આવશે. પરંતુ કેવલજ્ઞાન થયા બાદ પ્રભુએ શાસનની સ્થાપના કરી છે, માટે હજારો વર્ષો સુધી આ શાસન આનંદ અને કલ્યાણ કરનારું બની રહેશે. તેથી પંડિત વીરવિજયજી મહારાજે પણ કહ્યું છે કે, 'પ્રભુ તું જ શાસન અત ભલું, માને સુરનર રાણો રે' 'કલિકાલે પણ પ્રભુ તુજ શાસન' વર્તે છે અવિરોધજી.'

પ્રભુ વીરના શાસનમાં રાજા હોય કે રંક હો, દેવ હોય કે દાનવ હોય પુરુષ હોય કે સ્ત્રી હોય, પશુ હોય કે મનુષ્ય હોય, બધા માટે હિતકર છે. બધાને અનંત દુઃખોથી મુક્ત કરાવનારું છે.

આજે આખા વિશ્વમાં હિંસા, દ્વેષ, આતંકવાદ, પરિગ્રહવાદ, સત્તા અને લાલસાની બોલબાલા હોય છે. તેથી સર્વત્ર આતંકવાદ, બળાત્કાર, ભ્રષ્ટાચાર, યુદ્ધવાદ, વાદ-વિવાદ, પુંજીવાદ, સગાવાદ આદિ અનેક સમસ્યાઓ ઊભી થઈ રહી છે. ૨૫૬૦ વર્ષ પૂર્વે સ્થાપિત મહાવીર શાસનને જીવન વ્યવહારમાં અપનાવીએ, તો વિશ્વ, રાષ્ટ્ર અને રાજયમાં શાંતિ, સદભાવના, વિશ્વમૈત્રી, ભાઈચારો અને અધ્યાત્મવાદથી દેશ અને વિશ્વ ઉન્નતિના શિખરે નિઃસંકોચ પહોંચશે.

પ્રભુ મહાવીરના શાસનનો પ્રભાવ

દરરોજ ૭ માનવીઓની હત્યા કરનારો અર્જુનમાલી શ્રી મહાવીર શાસનના પ્રભાવથી એક સંત બનીને સાધના કરી કૈવલ્યજ્ઞાનને પ્રાપ્ત કરી મોક્ષે પહોંચી ગયો. આ શાસનના પ્રભાવે જ એક દિવસમાં ૯૯ ક્રોડ સોનૈયા તેમજ યુવાવસ્થામાં જ રૂપ અને લાવણ્યની મૂર્િત સમાન આઠ આઠ પત્નીઓને છોડીને આર્ય જંબુસ્વામી મહાન ત્યાગી બની સાધના કરી આ ભરતક્ષેત્રમાં અંતિમ કેવલી થઈ ગયા. આ જ શાસનના પ્રભાવે ૫૦૦ ચારોના નેતા પ્રભવચોર પ્રભવસ્વામી બની ગયા. આ શાસનના પ્રભાવે યજ્ઞ કરવાવાળા શયંભવ ભટ્ટ ચૌદ પૂર્વના જ્ઞાતા બનીગયા. ૧૨ વર્ષ સુધી વેશ્યાને ત્યાં રહેવાવાળા મહાકામી સ્થુલભદ્રસ્વામી આ શાસનના પ્રભાવે ૮૪ ચોવીસીની અમર નામી બની ગયા. મહા અહંકારી દશાર્ણભદ્ર રાજા પણ અતિનમ્રતાની મૂર્િત બની ગયા. આજ શાસનના પ્રભાવે શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. ગરમાગરમ લોઢાના તવા ઉપર હસ્તે મોઢે શેકાઈ ગયા અને ગુર્વાજ્ઞાનું પાલન કર્યું. સિદ્ધ નામનો જુગારી પણ આ શાસનના પ્રભાવે મુનિ બનીને ઉપમિતિગ્રંથના રચયિતા સિદ્ધર્ષિગણિ બની ગયા. સગડ શરાબી પણ આ શાસનના પ્રભાવે શ્રી શત્રુંજય ગિરિરાજનો અધિષ્ઠાયક દેવ કવડયક્ષ તરીકે બન્યો. શાસનના પ્રભાવે જ આબુ માઉન્ટ દેલવાડામાં ૧૮ ક્રોડ દ્રવ્યનો ખર્ચો કરી વિમલશાહ મંત્રીએ દુનિયાની આઠમી અજાયબી જેવી જિનમંદિરનું કલાત્મક નિર્માણ કરાવ્યું.

આ પ્રમાણે શાસનના પ્રભાવથી વિશ્વ અને દેશની આધ્યાત્મિક પ્રગતિ થાય છે.

શાસન સ્થાપના દિવસનું મહત્વ ઃ

પરંતુ હવે ખેદ સાથે કહેવું પડે છે કે આજ શાસના સ્થાપનાનો દિવસ વિશેષ રીતે ઉજવાતો નથી. અપેક્ષાએ વિચારીએ તો પ્રભુ મહાવીરના અનંતર ઉપકાર કરતાંય તેમના શાસનનો ઉપકાર અનેકગણો અને રહેવાનો છે. ભારતીય ગણતંત્ર (શાસન) સ્થાપના દિવસ ૨૬મી જાન્યુઆરીએ દરેક ઠેકાણે ઉજવાય છે. આપણો એક બાળક પણ આ દિવસને જાણે છે. છતાં અહિંસાના અવતાર પ્રભુ મહાવીરના અહિંસાના અવતાર પ્રભુ મહાવીરના અહિંસામય શાસનની સ્થાપનાની તિથિ કઈ છે તે ઘણાને ખબર નથી. કદાચ ૧૦ ટકા જ જૈનોને ખ્યાલ હશે. એ માટે સર્વજન હિતાય સર્વજન સુખાય અહિંસા, સ્યાદ્વાદ આદિથી પરિપૂર્ણ એવા મહાવીર સ્થાપનાના દિવસને જાણી તેને ઉજવવાનો પૂર્ણ પુરૂષાર્થ કરવો જોઈએ.

મહાવીર શાસનની વિશેષતા ઃ

૧. ભગવાન અજિતનાથથી માંડી પાર્શ્વનાથ ભગવાન સુધીના ૨૨ તીર્થંકરના શાસનમાં ૪ મહાવ્રત હતા. (મૈથુન ત્યાગનો અંતર્ભાવ પરિગ્રહ ત્યાગ કરવામાં આવી જતો) પ્રભુ મહાવીરના શાસનમાં પાંચ મહાવ્રતો છે.

૨. ૨૨ તિર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વી રંગીન કપડા પણ પહેરતા હતા. ભગવાન મહાવીરના શાસનમાં માત્ર સફેદ વસ્ત્રો જ પહેરવામાં આવે છે, એવું વિધાન છે.

૩. ૨૨ તીર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વીઓ જયારે પાપ લાગે ત્યારે પ્રતિક્રમણ કરતા હતા, અન્યથા ન હોતા કરતા. પણ પ્રભુ મહાવીરના શાસનમાં દરેક સાધુ-સાધ્વીજીને અવશ્ય પ્રતિક્રમણ કરવું જ પડે છે.

૪. ૨૨ તીર્થંકરોના શાસનમાં સાધુ-સાધ્વી ભગવંતો એક જ સ્થાને ૧૦૦ વર્ષ કે તેથી વધુ વર્ષો સુધી પણ રહી શકતા હતા. જયારે વીર પ્રભુના સાધુ-સાધ્વીઓ એક જ સ્થાને એક ચોમાસાથી વધુ ન રહી શકે.

૫. ૨૨ તીર્થંકરોના શાસનમાં જે સાધુ-સાધ્વીજીના માટે બનાવેલ આહારઆદિ હોય, તે સિવાયના સાધુ-સાધ્વીને ખપતો હતો, પણ પ્રભુ વીરના કોઈપણ સાધુ-સાધ્વી બનાવેલ આહારાદિ બીજા કોઈ સાધુ-સાધ્વીને ખપે નહિ.

૬. ભગવાન મહાવીરના શાસનમાં દીક્ષા, વડીદીક્ષાનો વ્યવહાર હોય છે. જયારે ૨૨ ભગવાનના સાધુને માત્ર દીક્ષા દિવસથી જ વ્યવહાર થાય છે.

પ્રશ્ન ઃ અહિંસા આદિ નિયમો એક હોવા છતાં મહાવીરના નિયમો જુદા શા માટે ?

જવાબ ઃ ૨૨ તીર્થંકરોના શાસનમાં જનતા સરળ (ઋજુ) અને બુદ્દિમાન (પ્રાજ્ઞ) હતી. પણ ભગવાન મહાવીરના શાસનના માણસો વક્ર અને જડ હોય છે. આથી કાયદાઓમાં ભિન્નતા હોય છે અને તે આવશ્યક છે. જેની ઉપર થોડો કાટ લાગ્યો હોય તેને એસિડ લગાવી પોલિશ કરવાની જરૂર નથી હોતી.

પણ જેની ઉપર વધારે કાટ લાગ્યો હોય, તેને એસિડ લગાવી પોલિશ કરવાની જરૂર રહે છે. તો જ તે સાફ થાય છે. તેમ અહીં પણ સમજવું.